# Google Chat

**Google Ireland Limited ("Google")**
Gordon House, Barrow Street, Dublin 4, Ireland
https://support.google.com/

*21 ડિસેમ્બર, 2020થી લાગુ*

**કરારનો સારાંશ**

- આ કરારનો સારાંશ EU કાયદાની જરૂરિયાત મુજબ, અમારી સેવાની ઑફરના મુખ્ય ઘટકોનું વર્ણન કરે છે[1].
- તેનો હેતુ સેવાની ઑફરો વચ્ચે તુલના કરવામાં તમારી સહાય કરવાનો છે.
- અમારી સેવાની ઑફર વિશે સંપૂર્ણ માહિતી અન્ય દસ્તાવેજોમાં ઉપલબ્ધ છે.

**સેવાઓ**
Google Chat, વેબ ઇન્ટરફેસ અથવા ઍપ મારફતે બધા ડિવાઇસ અને પ્લૅટફૉર્મ પર ઑફર કરવામાં આવતી એક ઝટપટ મેસેજિંગ સેવા છે. Google Chat મારફતે સંદેશા મોકલવા કે મેળવવા માટે ઇન્ટરનેટ કનેક્શન હોવું જરૂરી છે. Google દ્વારા વાજબી કૌશલ્ય અને કાળજીથી Google Chatની સુવિધા પ્રદાન કરવામાં આવે છે, જોકે તેમાં સેવાની ક્વૉલિટીની કોઈ ન્યૂનતમ લેવલની ઑફર કરવામાં આવતી નથી.

**કિંમત**
Google Chat વિના મૂલ્યે ઑફર કરવામાં આવે છે અને તેનો ઉપયોગ Googleની સેવાની શરતો (https://policies.google.com/terms પર ઉપલબ્ધ)ના પાલનને આધીન છે.

**અવધિ, રિન્યૂ કરવું અને સમાપ્ત કરવું**
સાઇન-અપ કર્યા પછી તરત જ Google Chat તમારા ઉપયોગ માટે ઉપલબ્ધ હોય છે. તમે કોઈ નિશ્ચિત અવધિ માટે Google Chatનો ઉપયોગ કરવા માટે પ્રતિબદ્ધ નથી અને તમે કોઈપણ સમયે તેનો ઉપયોગ કરવાનું બંધ કરવા માટે સ્વતંત્ર છો.

**શારીરિક અક્ષમતા ધરાવતા વાપરનારાઓ માટે સુવિધાઓ**
Google Chatમાં ઑટોમૅટિક રીતે કામ કરવામાં સહાય મેળવવા માટે, તમે બૉટનો તેમજ સ્ક્રીન રીડર અને કીબોર્ડ શૉર્ટકટનો ઉપયોગ કરી શકો છો. વધુ વિગતો https://www.google.com/accessibility/ પર ઉપલબ્ધ છે.

**અન્ય સંબંધિત માહિતી**
ગ્રાહક સેવા: Google Chat માટે સહાય / સપોર્ટ https://support.google.com/ પર ઉપલબ્ધ છે.
તકરારો: તમે https://ec.europa.eu/consumers/odr/main/?event=main.adr.show2 પર સૂચિબદ્ધ વૈકલ્પિક તકરાર નિવારણ પ્રદાતાને અથવા તમારા દેશ માટે કાનૂની રીતે જરૂરી હોય એવા કોઈ પ્રદાતાને ફરિયાદ કરી શકો છો. Googleની સેવાની શરતોમાં વધુ વિગતો ઉપલબ્ધ છે.
સુરક્ષા સંબંધિત અકસ્માતો: વિના વિલંબે સુરક્ષા અથવા પ્રાઇવસી સંબંધિત ઘટનાઓ ઓળખવા અને તેનો પ્રતિસાદ આપવા માટે Google 24/7 અકસ્માત મેનેજમેન્ટ પ્રોગ્રામ ઘણી ચોકસાઈથી ચલાવે છે. Google તમને તમારી ઑનલાઇન સુરક્ષા મેનેજ કરવામાં સહાય માટે, Google સુરક્ષા ચેકલિસ્ટ પણ પ્રદાન કરે છે.
વ્યક્તિગત ડેટા: Google Chatમાં સાઇન અપ કરવા માટે, તમારે તમારું નામ, ઇમેઇલ ઍડ્રેસ અને ફોન નંબર આપવો જરૂરી છે. Google પ્રાઇવસી પૉલિસી (https://policies.google.com/privacy પર ઉપલબ્ધ)માં, તમે Google Chatનો ઉપયોગ કરો ત્યારે Google દ્વારા એકત્ર કરવામાં આવતા વ્યક્તિગત ડેટા પર વધુ માહિતી પૂરી પાડવામાં આવે છે. Google પ્રાઇવસી પૉલિસી તમારી અને Google વચ્ચેના કરારનો અથવા આ સારાંશનો ભાગ બનતી નથી.

[1]યુરોપિયન સંસદના અને 11 ડિસેમ્બર, 2018ની કાઉન્સિલના સૂચન (EU) 2018/1972ની કલમ 102(3), જે યુરોપિયન ઇલેક્ટ્રૉનિક કમ્યુનિકેશન્સ કોડ (OJની સીરિઝ L 321, 17.12.2018, પેજ. 36)ની સ્થાપના કરે છે.